For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

છ વર્ષની બાળકીની હત્યાના આરોપીને જાપ્તા હેઠળ વાનમાં શિનોર લઈ જવાતો હતો

# હત્યારાએ અધિકારીની પિસ્તોલ ઝૂંટવી ફાયરિંગ કર્યું, PSI સહિતના કર્મીઓનો આબાદ બચાવ

**પોલીસ** જાપ્તામાંથી ભાગવાના પ્રયાસ દરમિયાન વાનમા ફાયરિંગ કરતા એક ગોળી ડ્રાઇવરના માથા પાસેથી કાચ વિંધી બહાર નીકળી

**આરોપી** સામે હત્યાના પ્રયાસનો ગુનો, ઝપાઝપી દરમિયાન બીજી ગોળી આરોપીના જ પગમાં વાગી







(પ્રતિનિધિ) શિનોર, તા. 24

છ વર્ષની બાળકીની હત્યા કરનાર આરોપીને પોલીસ જાપ્તા હેઠળ વાનમાં શિનોર તાલુકાના સીમળી ગામની સીમમાં સેગવાથી શિનોર તરફ લઈ જતા હતા. ત્યારે રોડ પર આરોપી પોલીસ અધિકારીની સર્વિસ પિસ્તોલ ઝૂંટવી બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું જેમાં એક ગોળી પોલીસ વારના ડ્રાઈવરના માથા પાસેથી કાચ તોડીને નીકળી ગઈ હતી જ્યારે બીજી ગોળી આરોપીને જ વાગી જતા તે ઈજાગ્રસ્ત થયો હતો. ફાયરિંગ કરનાર આરોપી સામે હત્યાના પ્રયાસ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. ઘટનામાં આરોપીને ઈજા થતાં હાલમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે.

23 જૂનના રોજ રાત્રે આશરે 8 વાગ્યે શિનોર તાલુકાના સીમળી ગામની સીમમાં સેગવાથી શિનોર તરફ જતા રોડ પર છ વર્ષની બાળકીની હત્યા કરનાર આરોપી અજય લક્ષ્મણ રાઠોડીયા ( રહે. સતીષાણા ડુંગલ (ટેકરા) ફળિયું, તા. શિનોર) પોલીસ જાપ્તામાં હતો. તે દરમિયાન તેણે પોલીસ કસ્ટડીમાંથી છટકી જવા માટે ફરજ પરના અધિકારીની સર્વિસ પિસ્તોલ ઝૂંટવી સરકારી વાહનમાં હાજર પોલીસ કર્મચારીઓ પર ફાયરિંગ કરી જીવ જોખમમાં મૂક્યા હતા. આરોપીએ ફરિયાદી સાથે ઝપાઝપી કરી અને ફરજ પરના રાજ્યસેવક હોવાની જાણ હોવા છતાં તેમને મારી નાખવાના ઈરાદે ફાયરિંગ કર્યું હતું. જેમાં એક ગોળી પોલીસ વારના ડ્રાઈવરના માથા પાસેથી કારનો કાચ તોડીને બહાર નીકળી ગઈ હતી. પોલીસની કામગીરીમાં અવરોધ ઉભો કરી પોતાની ધરપકડમાંથી છટકી જવાનો પ્રયાસ કર્યો હતો. અન્ય ગોળી આરોપીને ઝપાઝપી દરમિયાન તેના પગમાં જ વાગી જતા ઈજાગ્રસ્ત થયો હતો જેથી પોલીસ દ્વારા તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

## પોલીસ જાપ્તામાં આરોપી દ્વારા હથિયાર છીનવવાનો પ્રયાસ, ફાયરિંગમાં પગે ઈજા

શિનોર પોલીસ સ્ટેશનના સેક્સ્યુઅલ અસોલ્ટ, પોક્સો અને હત્યાના કેસના આરોપી અનિલ રાઠોડિયાને પોલીસ કસ્ટડીમાં સેગવાથી શિનોર લઈ જવામાં આવી રહ્યો હતો. દરમિયાન આરોપીએ પોલીસની સર્વિસ રિવોલ્વર છીનવવાનો પ્રયાસ કર્યો હતો. ઝપાઝપી દરમિયાન એક રાઉન્ડ ફાયર થયું, જે ડ્રાઈવરની નજીકથી પસાર થઈ બહાર નીકળી ગયું. ત્યારબાદ થયેલી અથડામણમાં બીજું એક રાઉન્ડ આરોપીના પગમાં વાગ્યું હતુ. ઘટનાની જાણ થતાં જ 108 એમ્બ્યુલન્સને બોલાવી આરોપીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ગોળી પગમાંથી આરપાર નીકળી ગઈ હોવાનું જણાવાયું છે. હાલ આરોપીની સ્થિતિ સ્થિર છે અને સમગ્ર મામલે પોલીસ દ્વારા કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. **- સુશીલ અગ્રવાલ,** એસપી

## સારવાર પૂર્ણ થયા બાદ કસ્ટડી સોંપાશે

પોક્સો વિથ મર્ડર ના ગુનામાં પોલીસ દ્વારા આરોપીના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા. સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ દરમિયાન બુધવારના રોજ આ આરોપીના રિમાન્ડ પુરા થતા હોય વિડિયો કોન્ફરન્સથી કોર્ટમાં સુનાવણી યોજાય હતી જોકે હાલમાં તેણે કસ્ટડી સોંપવાનો હુકમ તો કરાયો છે પરંતુ આરોપી સારવાર હેઠળ હોય સારું થયા બાદ તેને કસ્ટડી સોંપાશે. પોલીસ પર હુમલો કરી હત્યાનો પ્રયાસ કરવાના ગુનામાં ટ્રાન્સફર વોરંટ થી કબજો મેળવીને રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરાશે.

## મોટા ફોફડીયા આરોગ્ય કેન્દ્ર પોલીસ છાવણીમાં ફેરવાયું

હત્યાના આરોપી દ્વારા પોલીસ અધિકારીની રિવોલ્વર છીનવી લેતા ઝપાઝપીમાં રિવોલ્વરમાંથી ગોળી છૂટી હતી અને આરોપીના ડાબા પગની ટચલી આંગળીમાં સામાન્ય ઈજા પહોંચી હતી.ઘટનાની જાણ થતાં જ સમગ્ર જિલ્લા પોલીસ તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું. ઈજાગ્રસ્ત આરોપીને સારવાર માટે મોટા ફોફડીયા સ્થિત સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યો હતો. તબીબો દ્વારા જરૂરી સારવાર આપવામાં આવી રહી છે. પ્રાથમિક તબીબી માહિતી મુજબ આરોપીની ઈજા ગંભીર ન હોવાથી તેની સ્થિતિ હાલ સ્થિર છે.કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જેના કારણે સામૂહિક આરોગ્ય કેન્દ્ર પોલીસ છાવણીમાં ફેરવાયું હતું.

# મકરપુરામાં યુવતીએ અજાણી દવા પી લેતા હોસ્પિટલમાં ખસેડાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરાના મકરપુરા વિસ્તારના રણછોડનગરમાં રહેતી 21 વર્ષીય યુવતીએ કોઈ અગમ્ય કારણોસર અજાણી દવા પી લેતાં ચકચાર મચી ગઈ હતી. દવા પીધા બાદ યુવતીની તબિયત બગડતાં પરિવારજનોએ તેને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડી હતી.

સુષ્મિતા સોલંકીએ પોતાના ઘરે અજાણી દવા પી લીધી હતી. થોડા સમય બાદ તેની તબિયત લથડતાં પરિવારજનો ચિંતિત બની ગયા હતા. હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ તાત્કાલિક સારવાર શરૂ કરી હતી. હાલમાં યુવતીની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ સયાજી હોસ્પિટલ ચોકી મારફતે મકરપુરા પોલીસને કરવામાં આવતાં પોલીસે હોસ્પિટલ પહોંચી પ્રાથમિક વિગતો મેળવી હતી. યુવતીએ કયા કારણોસર આ પગલું ભર્યું તે હજુ સ્પષ્ટ થયું નથી. પોલીસે પરિવારજનો અને નજીકના લોકોની પૂછપરછ શરૂ કરી વધુ તપાસ હાથ ધરી છે.

VMCમાં કાયમી રોજગારી માત્ર કાગળ પર?

# વીએમસીમાં કરાર આધારિત ઈજનેરોની મુદત ૧૧ મહિના વધારવાની દરખાસ્ત

**વિકાસ** પ્રોજેક્ટોની કામગીરી વચ્ચે હંગામી ઇજનેરી સ્ટાફની સેવાઓ ચાલુ રાખવાની તૈયારી

**કાયમી** જગ્યાઓ ખાલી હોવા છતાં કરાર આધારિત ભરતી પર નિર્ભરતા, કર્મચારી સંગઠનોમાં અસંતોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા મહાનગરપાલિકામાં કાયમી ભરતી પ્રક્રિયા લાંબા સમયથી અટવાયેલી રહેતાં હંગામી અને કરાર આધારિત ભરતીની પ્રથા યથાવત રાખવામાં આવી રહી છે. હવે કોર્પોરેશનમાં કરાર આધારિત નિમણૂક કરાયેલા ઈજનેરી સ્ટાફની સેવાઓ ચાલુ રાખવા માટે તેમની મુદતમાં વધુ 11 મહિનાનો વધારો કરવાની મહત્વપૂર્ણ દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. સાથે જ ભવિષ્યમાં જરૂરિયાત ઊભી થાય તો નિયમોનુસાર આ મુદત વધુ લંબાવવાનો અધિકાર મ્યુનિસિપલ કમિશનરને સોંપવાની પણ ભલામણ કરવામાં આવી છે.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિટી મિશન, અમૃત યોજના, રોડ-રસ્તા વિકાસ, ડ્રેનેજ નેટવર્ક, પાણી પુરવઠા અને પ્રી-મોન્સૂન કામગીરી સહિતના અનેક મહત્વપૂર્ણ પ્રોજેક્ટો હાથ ધરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટોના અસરકારક અમલીકરણ, સાઈટ સુપરવિઝન અને ગુણવત્તા નિયંત્રણ માટે વધારાના ટેકનિકલ માનવબળની જરૂરિયાત ઊભી થતાં ફેબ્રુઆરી-2026માં છ માસ માટે કરાર આધારિત ઈજનેરો અને વર્ક આસિસ્ટન્ટોની ભરતી કરવામાં આવી હતી. જેમાં આસિસ્ટન્ટ એન્જિનિયર (સિવિલ, મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલ) તેમજ વર્ક આસિસ્ટન્ટના વિવિધ સંવર્ગોનો સમાવેશ થાય છે.

હાલમાં મોટા ભાગના વિકાસ કાર્યો પ્રગતિ હેઠળ હોવાથી વહીવટી તંત્ર તેમની સેવાઓ લંબાવવાની તૈયારીમાં છે. જોકે, આ નિર્ણયને પગલે કોર્પોરેશનની કાયમી ભરતી પ્રક્રિયા અંગે ફરી ચર્ચા શરૂ થઈ છે. વર્ષોથી અનેક મહત્વપૂર્ણ હોદ્દાઓ ખાલી હોવા છતાં કાયમી ભરતી ન થતાં અનેક વિભાગો હવાલાના ચાર્જથી ચાલી રહ્યા છે.

કર્મચારી સંગઠનોનું કહેવું છે કે નિયમિત મહેકમની અછતના કારણે વહીવટી કામગીરી અને જનસેવાને અસર થઈ રહી છે. આવી સ્થિતિમાં કાયમી ભરતીને પ્રાથમિકતા આપવાને બદલે કરાર આધારિત સ્ટાફ પર નિર્ભરતા વધારવાના નિર્ણય સામે સવાલો ઉઠી રહ્યા છે.

શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય માટે વાહનચાલકોને પોલીસની સૂચનાઓનું પાલન કરવા અપીલ

# મહોરમના તાજીયા વિસર્જનને લઈ વડોદરા ટ્રાફિક પોલીસ એલર્ટ, અનેક માર્ગો 'નો-પાર્કિંગ ઝોન' જાહેર

**નો પાર્કિંગ** ઝોન વૈકલ્પિક વ્યવસ્થા સાથેનુ જાહેરનામું પોલીસ કમિશનર દ્વારા પ્રસિદ્ધ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

મહોરમ પર્વ દરમિયાન નીકળનારા તાજીયા જુલુસો અને તાજીયા વિસર્જન કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને વડોદરા શહેર પોલીસ દ્વારા વિશેષ ટ્રાફિક વ્યવસ્થા અમલમાં મુકવામાં આવી છે. તા. 25 જૂનની રાત્રે શહેરના વિવિધ વિસ્તારોમાંથી તાજીયા જુલુસો નીકળવાના હોવાથી તેમજ તા. 26 જૂને વિવિધ તળાવો ખાતે તાજીયા વિસર્જન યોજાનાર હોવાથી શહેરના અનેક મહત્વના માર્ગો પર 'નો-પાર્કિંગ ઝોન' જાહેર કરવામાં આવ્યા છે. ટ્રાફિક વ્યવસ્થા સુચારૂ રહે અને ધાર્મિક કાર્યક્રમો શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે વાહનચાલકોને પોલીસની સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરાઈ છે.

વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ તા. 16 જૂનથી 26 જૂન દરમિયાન મહોરમ પર્વની ઉજવણી ચાલી રહી છે. તા. 25 જૂને ઈશાની નમાજ બાદ શહેરના વિવિધ વિસ્તારોમાંથી તાજીયા જુલુસો નીકળશે, જ્યારે તા. 26 જૂને બપોર બાદ સરસીયા તળાવ, બોરિયા તળાવ અને તાંદલજાના કૃત્રિમ તળાવ ખાતે ધાર્મિક વિધિ સાથે તાજીયા વિસર્જન કરવામાં આવશે.

પોલીસ તંત્રએ નાગરિકોને જાહેર કરાયેલા માર્ગો પર વાહનો પાર્ક ન કરવા તેમજ ટ્રાફિક પોલીસ દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છે. તાજીયા જુલુસ અને વિસર્જન દરમિયાન ટ્રાફિકનું દબાણ વધવાની સંભાવના હોવાથી વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા પણ કરવામાં આવશે. જેથી શહેરજનો સમયસર ગંતવ્ય સ્થળે પહોંચી શકે અને ધાર્મિક કાર્યક્રમો દરમિયાન કોઈ અવરોધ સર્જાય નહીં.



પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ વિવિધ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ યોજી સુરક્ષાનો વિશ્વાસ અપાવ્યો હતો.

### અહીં 'નો-પાર્કિંગ'નો અમલ

- લહેરીપુરા દરવાજાથી માંડવી સુધીનો માર્ગ
- કુંભારવાડા પોલીસ સ્ટેશન ત્રણ રસ્તાથી ફતેપુરા ચાર રસ્તા, અડાણીયા પુલ ચાર રસ્તા, ચાંપાનેર દરવાજા થઈ માંડવી સુધીનો માર્ગ
- સલાટવાડા ત્રણ રસ્તાથી નાગરવાડા ચાર રસ્તા, કારેલીબાગ પોલીસ સ્ટેશન ચાર રસ્તા, ભૂતડીઝાંપા અને પાંજરીગર મહોલ્લા થઈ ફતેપુરા ચાર રસ્તા સુધીનો માર્ગ
- અડાણીયા પુલ ચાર રસ્તાથી સરસીયા તળાવ થઈ ઠેકરનાથ સ્મશાન ત્રણ રસ્તા સુધીનો માર્ગ

ડીઝલ અને હપ્તાના ખર્ચ સામે રૂ.૨૩૫નું લઘુત્તમ ભાડું અપૂરતું હોવાનો આક્ષેપ

# પોર્ટર કંપની સામે ટેમ્પો ચાલકોનો બળાપો ભાડામાં વધારો નહીં થાય તો હડતાલની ચીમકી

**૧૦થી** ૧૫ દિવસનું અલ્ટીમેટમ, ૨૦૦થી વધુ વાહનો ઓફલાઈન કરવાની ચેતવણી



(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરા શહેરમાં ઓનલાઈન લોજિસ્ટિક્સ સેવા આપતી પોર્ટર કંપની સાથે સંકળાયેલા ટેમ્પો ચાલકોએ કંપનીની નીતિઓ સામે વિરોધ નોંધાવ્યો છે. ઈંધણના વધતા ભાવ, વાહનોના મેન્ટેનન્સ ખર્ચ અને મોંઘવારી વચ્ચે મળતું ભાડું પોષાય તેમ ન હોવાનું જણાવતા ચાલકોએ ભાડામાં વધારો કરવાની માંગ ઉઠાવી છે.

ચાલકોના પ્રતિનિધિ ભાવિનભાઈએ જણાવ્યું હતું કે કંપની હાલમાં પ્રતિ ટ્રિપ લઘુત્તમ રૂ.235 ચૂકવે છે, જે હાલની પરિસ્થિતિમાં પૂરતું નથી. ડીઝલના ભાવ, વાહન જાળવણીનો ખર્ચ તેમજ દર મહિને રૂ.17 હજાર સુધીના હપ્તા ભર્યા બાદ ચાલકો માટે ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. દિવસ-રાત મહેનત કરવા છતાં પૂરતી આવક થતી ન હોવાનું તેમણે જણાવ્યું હતું.

હાલ આ વિરોધમાં શહેરના 60થી 70 જેટલા ટેમ્પો ચાલકો જોડાયા છે. ચાલકોએ કંપની સમક્ષ પોતાની માંગણીઓ રજૂ કરીને પ્રશ્નોના નિરાકરણ માટે 10થી 15 દિવસનો સમય આપ્યો છે. તેમની મુખ્ય માંગ લઘુત્તમ ભાડામાં વધારો કરવાની છે.

ચાલકોએ ચેતવણી આપી છે કે જો કંપની યોગ્ય નિર્ણય નહીં લે તો 200થી 300 જેટલા વાહનોના આઈડી એકસાથે ઓફલાઈન કરી સામૂહિક હડતાલ પર ઉતરવામાં આવશે. જેના કારણે શહેરની ઓનલાઈન લોજિસ્ટિક્સ સેવાઓ પર અસર પડી શકે છે. હાલ ચાલકો કંપનીના પ્રતિસાદની રાહ જોઈ રહ્યા છે.

# સન ફાર્મા રોડ પર ત્રણ કાર વચ્ચે ધડાકાભેર ટક્કર, ટ્રાફિક જામ

**સત્સંગ** પાર્ટી પ્લોટ નજીક મોટો અકસ્માત છતાં જાનહાનિ ટળી, પોલીસે તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરાના સન ફાર્મા રોડ પર સત્સંગ પાર્ટી પ્લોટ નજીક ત્રણ કાર વચ્ચે ધડાકાભેર ટક્કર થતાં ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે કારોના આગળના ભાગને ભારે નુકસાન પહોંચ્યું હતું.

અકસ્માતના ધડાકાનો અવાજ સાંભળી સ્થાનિક લોકો અને રાહદારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. વ્યસ્ત સન ફાર્મા રોડ પર ત્રણેય કાર રસ્તાની વચ્ચે અટકી જતાં વાહનોની લાંબી કતારો લાગી હતી અને ટ્રાફિક જામ સર્જાયો હતો.

સદનસીબે અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. કારમાં રહેલી



સુરક્ષા સુવિધાઓ અને એરબેગ્સ ખૂલી જતાં કારચાલકો તથા મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને અકસ્માતગ્રસ્ત વાહનોને રોડની બાજુએ ખસેડી ટ્રાફિક પૂર્વવત કર્યો હતો.

પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધી બેદરકારીપૂર્વક વાહન ચલાવવા અને ઝડપના ભંગ અંગે તપાસ શરૂ કરી છે.

જૂની પેન્શન યોજના પુનઃ શરૂ કરવા અને વેતન સંબંધિત પ્રશ્નો ઉકેલવાની કમિશનરને આવેદન

# વીએમસી કર્મચારી મહામંડળનું તંત્ર સામે મોરચો, ૨૫ મુદ્દાની માંગ સાથે રજૂઆત

**AI આધારિત** હાજરી પ્રણાલીનો વિરોધ, માંગણીઓ નહીં સંતોષાય તો આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરા મહાનગરપાલિકામાં લાંબા સમયથી કર્મચારીઓના વિવિધ પ્રશ્નોનો ઉકેલ ન આવતાં કર્મચારીઓમાં અસંતોષ વ્યાપ્યો છે. આ મુદ્દે વડોદરા મહાનગરપાલિકા કર્મચારી મહામંડળે આજે મ્યુનિસિપલ કમિશનરને 25 મુદ્દાઓ આવરી લેતું આવેદનપત્ર આપી કર્મચારીઓની માંગણીઓ તાકીદે સંતોષવાની રજૂઆત કરી હતી.

મહામંડળના પ્રમુખ વિરેન્દ્ર જે. દવેના નેતૃત્વ હેઠળ મોટી સંખ્યામાં કર્મચારીઓ એકત્રિત થયા હતા. રજૂઆતમાં કોર્પોરેશનના કર્મચારીઓને યોગ્ય વેતન ધોરણનો લાભ આપવાની તેમજ વર્ષોથી બંધ કરાયેલી જૂની પેન્શન યોજના (ઓલ્ડ પેન્શન સ્કીમ) ફરી અમલમાં મૂકવાની મુખ્ય માંગ કરવામાં આવી હતી. કર્મચારી સંગઠનના જણાવ્યા મુજબ નિવૃત્તિ બાદ કર્મચારીઓની આર્થિક અને સામાજિક સુરક્ષા માટે જૂની પેન્શન યોજના જરૂરી છે.

આ ઉપરાંત ફિલ્ડમાં કામગીરી કરતા કર્મચારીઓ અને અધિકારીઓને મળતા પેટ્રોલ એલાઉન્સમાં રહેલી વિસંગતતાઓ દૂર કરવાની માંગ પણ કરવામાં આવી હતી. કર્મચારી મહામંડળે જણાવ્યું કે હાલની વ્યવસ્થાના કારણે કર્મચારીઓને આર્થિક નુકસાન સહન કરવું પડી રહ્યું છે. સાથે જ ગ્રાહક કોર્ટના એવોર્ડના આધારે કર્મચારીઓને કાયમી કરવાની પ્રક્રિયા શરૂ કરવાને બદલે કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલી કાયદાકીય અરજી પાછી ખેંચવાની માંગ કરવામાં આવી હતી.

મહામંડળે કોર્પોરેશન દ્વારા અમલમાં મૂકવાની તૈયારી દર્શાવાયેલી AI આધારિત અથવા ફેસ રીડિંગ હાજરી પ્રણાલીનો પણ વિરોધ નોંધાવ્યો હતો. સંગઠનના મતે ટેકનિકલ ખામીઓના કારણે ફિલ્ડ કર્મચારીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

કર્મચારી મહામંડળે ચેતવણી આપી છે કે જો માંગણીઓ અંગે સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી સમયમાં કર્મચારીઓ પોતાના હક્ક માટે આંદોલન અને ન્યાયિક લડતનો માર્ગ અપનાવવા મજબૂર બનશે.

૧૨૩૧માંથી ૧૪૯ વિદ્યાર્થી પાસ, ગ્રુપ-૨નું ૨૦.૪૫% સાથે સૌથી ઊંચું પરિણામ

# CA ઈન્ટરમિડીએટની પરીક્ષાનું ૧૨.૧૦ ટકા પરિણામ જાહેર

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા દ્વારા મે 2026માં લેવાયેલી સીએ ઈન્ટરમીડિયેટ પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. વડોદરા બ્રાન્ચ અને વડોદરા બ્રાન્ચ દ્વારા જાહેર કરાયેલા એનાલિસિસ મુજબ વડોદરા શહેરનું કુલ પરિણામ 12.10% રહ્યું છે.

વડોદરા બ્રાન્ચમાંથી કુલ 1231 વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી 149 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. બંને ગ્રુપમાં 379 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી માત્ર 21 વિદ્યાર્થીઓ એટલે કે 5.54% બંને ગ્રુપ ક્લિયર કરી શક્યા છે. ફક્ત ગ્રુપ-1માં 544 વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી 48 એટલે કે 8.82% પાસ થયા છે. જ્યારે ફક્ત ગ્રુપ-2માં 308 વિદ્યાર્થીઓમાંથી 63 વિદ્યાર્થીઓ એટલે કે 20.45% ઉત્તીર્ણ થતા, ગ્રુપ-2નું પરિણામ સૌથી ઊંચું રહ્યું છે. સિટી ટોપર્સમાં યશ દિપકભાઈ મિસ્ત્રીએ 398 ગુણ મેળવીને પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. બીજા ક્રમે લક્ષ સુરાના 397 ગુણ સાથે, ત્રીજા ક્રમે રબારી કૃપાલીબેન કમલેશભાઈ 380 ગુણ સાથે, ચોથા ક્રમે હાંડે રુતુલ વિશાલરાવ 360 ગુણ સાથે અને પાંચમા ક્રમે અલ્લી અમ્માર હારુન 347 ગુણ સાથે રહ્યા છે. જો સમગ્ર ભારતના પરિણામ સાથે સરખામણી કરીએ તો, ગ્રુપ-1નું રાષ્ટ્રીય પરિણામ 10.25% છે, જ્યારે ગ્રુપ-2નું 16.11% અને બંને ગ્રુપનું 8.47% છે. તેની સામે વડોદરા બ્રાન્ચનું ગ્રુપ-1નું પરિણામ 8.82%, ગ્રુપ-2નું 20.45% અને બંને ગ્રુપનું 5.54% રહ્યું છે. આમ, ગ્રુપ-2માં વડોદરાનું પરિણામ રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઘણું સારું રહ્યું છે. વડોદરા બ્રાન્ચના હોદ્દેદારોએ તમામ ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને નાપાસ થયેલા વિદ્યાર્થીઓને નિરાશ ન થઈને વધુ મહેનત કરવા અનુરોધ કર્યો હતો.

### ફર્નિચરની શોપ ધરાવતા પિતાના પુત્રને સીએ બનવાની ઈચ્છા



ઈન્ટરમિડીએટની પરીક્ષામાં બંને ગ્રુપ ક્લિયર કર્યા છે. 398 માર્ક્સ સાથે સિટી ટોપર બન્યો છું. પિતા ફર્નિચરની શોપ ધરાવે છે. માતા ગૃહિણી છે. દરરોજ 10 કલાકની મહેનતે મેં આ સફળતા મેળવી છે. સોશિયલ મીડિયાનો ઉપયોગ ખૂબ જ ઓછો કરતો હતો. આગળ સીએ ક્લિયર કરવું છે અને કોઈ સારા ફર્મમાં જોબ કરવી છે. **- યશ મિસ્ત્રી**

### CAના પુત્રને પણ સીએ બની દેશમાંજ નોકરી કરવી છે

સિટી રેન્ક 2 આવ્યો છે. 397 માર્ક્સ મેળવ્યા છે. આર્ટિકલશિપ કરવી છે. જોબ કરી એક્સપિરિયન્સ લઈ આગળ વધવું છે. પિતા સીએ છે પણ પોતાનો બિઝનેસ છે. માતા પણ પિતા સાથે બિઝનેઝ કરે છે. 10 થી 11 કલાક અને અંતમાં 14 થી 15 કલાક જેટલો અભ્યાસ કરતો હતો. જેથી બંને ગ્રુપ ક્લિયર કરી શક્યો છું. : **લક્ષ સુરાના**





### સ્કૂલ વાન ચાલકની પુત્રીએ પરીક્ષા પાસ કરી

સારું પરિણામ મેળવવા માટે રોજ સખત મહેનત કરતી હતી. છ થી સાત કલાક જેટલો મારો અભ્યાસ હતો. મારી પાસે મારો પોતાનો મોબાઈલ પણ નથી. 380 માર્ક્સ સાથે બંને ગ્રુપ ક્લિયર કરી સિટી રેન્ક 3 મેળવ્યો છે. મારા પિતા સ્કૂલવાન ડ્રાઇવર છે તેમણે મારી માટે ખૂબ જ સંઘર્ષ કર્યો છે ભાઈ ડિપ્લોમા કેમિકલ એન્જિ. છે. **- કૃપાલી રબારી**


હેરેસમેન્ટ અને અચાનક ટર્મિનેશનના આક્ષેપ સાથે 100 કર્મીઓ ધરણા પર

# બરોડા ગ્લોબલ શેર્સ સર્વિસ સામે એપ્રેન્ટિસ કર્મચારીઓનો વિરોધ ત્રીજા દિવસે યથાવત

**રજૂઆતો** છતાં ઉકેલ નહીં, માંગણીઓ નહીં સંતોષાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

મકરપુરા જીઆઈડીસીમાં આવેલી બરોડા ગ્લોબલ શેર્સ સર્વિસ કંપનીમાં એપ્રેન્ટિસ તરીકે ફરજ બજાવતા કર્મચારીઓનો વિરોધ આજે ત્રીજા દિવસે પણ યથાવત રહ્યો હતો. કંપનીના મેનેજમેન્ટ દ્વારા લાંબા સમયથી મેન્ટલ હેરેસમેન્ટ અને કોઈપણ યોગ્ય કારણ વગર અચાનક ટર્મિનેટ કરી દેવાના આક્ષેપ સાથે અંદાજે 100 જેટલા કર્મચારીઓ કંપનીની બહાર ધરણા પર બેઠા છે.



એપ્રેન્ટિસ તરીકે ફરજ બજાવતા કર્મચારીઓએ જણાવ્યું કે, છેલ્લા બે મહિનાથી તેઓ માનસિક ત્રાસનો સામનો કરી રહ્યા છે. આ અંગે સુપરવાઈઝર, ટીમ લીડર, એચઆર આસિસ્ટન્ટ મેનેજરથી લઈને સિનિયર મેનેજર સુધી અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરી હોવા છતાં આજદિન સુધી કોઈ નક્કર નિરાકરણ આવ્યું નથી. કર્મચારીઓએ મેનેજમેન્ટના વિવિધ અધિકારીઓ વચ્ચે મિલીભગત હોવાનો પણ ગંભીર આક્ષેપ કર્યો છે. કંપની દ્વારા તમામ એપ્રેન્ટિસ કર્મચારીઓને એકસાથે વગર નોટિસે છૂટા કરી દેવાતા કર્મચારીઓમાં ભારે રોષ ફેલાયો છે. કર્મચારીઓના સમર્થનમાં સામાજિક કાર્યકર્તાઓ પણ જોડાયા હતા અને હક્ક તથા ન્યાય માટે અવાજ બુલંદ કર્યો હતો. ઘટનાની જાણ થતાં મકરપુરા પોલીસની ટીમ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર ચાંપતી નજર રાખી હતી. હાલ સુધી કંપનીના મેનેજમેન્ટ તરફથી આ સમગ્ર મામલે કોઈ સત્તાવાર નિવેદન કે ખુલાસો જાહેર કરવામાં આવ્યો નથી. બીજી તરફ કર્મચારીઓએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જ્યાં સુધી તેમની માંગણીઓનું યોગ્ય નિરાકરણ નહીં આવે ત્યાં સુધી આંદોલન અવિરત ચાલુ રહેશે.